# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી

જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત

Email-suratdeo@gmail.com, ફોન નં.૦૨૬૧-૨૬૬૨૯૦૨-૦૩


ક્રમાંક:મા-૩/૨૦૨૧/273

તા.૭/૦૧/૨૦૨૧

પ્રતિ,

આચાર્યશ્રી/સંચાલકશ્રી,

સરકારી અનુદાનિત તથા સ્વનિર્ભર માં. તથા ઉ.મા. શાળાઓ, તમામ

જી.સુરત

વિષય: આગામી તા.૧૧/૦૧/૨૦૨૧ થી ધોરણ-૧૦ અને ૧૨ ના વર્ગો શરુ કરવા બાબત.

સંદર્ભ: (૧) કેન્દ્ર સરકારની દ્વારા જારી કરવામાં આવેલ COVID-19 અન્વયેની માર્ગદર્શિકા (SOP)

(૨) સંયુક્ત નિયામકશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:- મઉમશબ/સંસોધન/૨૦૨૧/૧૨-૪૯ તા.૦૬/૦૧/૨૦૨૧

ઉક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે આગામી તા.૧૧/૦૧/૨૦૨૧ થી ધોરણ-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે શાળાઓમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્યની શરૂઆત આપણે સૌ કરવા જઈ રહ્યા છીએ ત્યારે શાળાના વિદ્યાર્થીઓ તથા સમગ્ર શાળા પરિવારના આરોગ્ય બાબતે COVID-19ની માર્ગદર્શિકાનું સંપૂર્ણ પાલન થાય તે સુનિશ્ચિત કરશો.

1) શાળાની શરૂઆત થાય તે પહેલા સમગ્ર શાળા મકાન/ કેમ્પસ સંપૂર્ણતઃ યોગ્ય રીતે સેનિટાઇઝ થાય તે સુનિશ્ચિત કરીશું.
2) શાળામાં જરૂરી પ્રમાણમાં સાબુ, સેનિટાઇઝર, થર્મલ ગન, માસ્ક વગેરે ઉપલબ્ધ રાખીશું.
3) શાળાનું સમગ્ર કેમ્પસ (વર્ગખંડો, લોબી, સ્ટાફ રૂમ, ઓફીસ, કાર્યાલય, લાઈબ્રેરી, લેબોરેટરી વગેરે..)તથા ખાસ કરીને યુરીનલ તથા પાણી પીવાના સ્થળ પર જરૂરી સ્વચ્છતા જાળવીશું તથા તેની સાફ સફાઈ દરરોજ શાળા સમય પહેલા તથા શાળા સમય બાદ થાય તે સુનિશ્ચિત કરીશું. આ માટે જરૂર જણાયે શિક્ષકો તથા વિદ્યાર્થીઓની તેમજ વાલીઓની બનેલ સમિતિની રચના કરી શકાય.
4) શાળાના શિક્ષકો દ્વારા માર્ગદર્શિકાની સૂચનાઓ ધ્યાને રાખી વિદ્યાર્થીઓ / વાલીઓને COVID-19 અંતર્ગત ધ્યાનમાં રાખવાની બાબતો વિશે માર્ગદર્શન આપીશું.
5) સ્ટાફ રૂમમાં શિક્ષકોની બેઠક વ્યવસ્થામાં શિક્ષકો – શિક્ષકો વચ્ચે થતાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થામાં વિદ્યાર્થીઓ –વિદ્યાર્થીઓ વચ્ચે જરૂરી અંતર (૬ ફૂટ) જળવાઈ રહે તે રીતે બેઠક વ્યવસ્થાનું/અધ્યયન કાર્યનું આયોજન કરીશું.
6) શાળામાં વિવિધ સ્થળો પર COVID-19 અંતર્ગત સાવચેતી રાખવાની જરૂરી સૂચનાઓ તથા અન્ય જરૂરી સૂચનાઓ શાળાના કેમ્પસમાં વિવિધ સ્થળો પર વિદ્યાર્થીઓ/વાલીઓ/મુલાકાતીઓ વાંચી શકે તે રીતે Display કરીશું.
7) શાળામાં વિદ્યાર્થીઓ દાખલ થાય તે સમયે તથા શાળા સમય બાદ સામાજિક અંતર જળવાઈ રહે તે હેતુસર જરૂરી વ્યવસ્થા કરીશું.
8) દરેક વાલીઓ પાસેથી વિદ્યાર્થીઓ શાળામાં આવે તે પૂર્વે તેઓના વાલીઓના લિખિત બાંહેધરી પત્રો મેળવીશું. બાંહેધરી પત્રો વાલીઓ પાસેથી મેળવી લેવાની જવાબદારી આચાર્યશ્રીની છે. આચાર્યશ્રીઓએ વાલીઓની લેખિતમાં સમંતિપત્ર તા.૦૭/૦૧/૨૦૨૧ થી દૈનિક ધોરણે ભરી સાંજે ૦૫.૦૦ કલાકે સંબધિત QDC કન્વીનરને, QDC કન્વીનરે SVS કન્વીનરને અને SVS કન્વીનરે અત્રેની કચેરીના E.I./A.E.I. ને મોકલવાની રહેશે.
9) શાળામાં જરૂર જણાયે Public Announcement ની વ્યવસ્થા રાખીશું જેથી સમયાંતરે COVID-19 બાબતે જરૂરી સૂચના આપી શકાય.

10) સમગ્ર શાળા સમય દરમિયાન સામાજિક અંતર જળવાઈ રહે તથા કોઈ પણ વિદ્યાર્થીઓ / શિક્ષકો કે અન્ય મુલાકાતીઓ શાળામાં માસ્કનો ઉપયોગ કરે તે સુનિશ્ચિત કરીશું.

11) વિદ્યાર્થીઓ કોઈ પણ વસ્તુ કે અન્ય જગ્યાએ બિનજરૂરી અડકે નહી તે માટે તેઓને સમજણ આપીશું.

12) રીશેષ સમય દરમિયાન ખાસ કરીને સામાજિક અંતર જળવાય રહે તથા વિદ્યાર્થીઓ – વિદ્યાર્થીઓ વચ્ચે કોઈ પણ પ્રકારની (નાસ્તા, સ્ટડી મટીરીયલ) આપ - લે ન થાય તે બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપીશું.

13) શાળામાં કોઈપણ પ્રકારના gathering રાખીશું નહી જેથી એકજ જગ્યાએ Crowd એકત્રીત ન થાય અને સામાજિક અંતર જળવાઈ રહે.

14) શાળામાં થતી સવારની પ્રાર્થના તથા Assembly વર્ગખંડમાં જ કરવાની વ્યવસ્થા કરીશું.

15) શાળાએ ન આવી શકતા વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન શિક્ષણની વ્યવસ્થા રાખીશું.

16) કોઈ પણ વિદ્યાર્થીઓ COVID-19 થી બિમાર હોય/ સંક્રમિત હોય તો તેઓની હાજરી બાબતે કોઈ આગ્રહ રાખીશું નહી, ઓનલાઈન શિક્ષણ ચાલુ રાખતા વિદ્યાર્થીઓની હાજરી પણ ફરજીયાત નથી.

17) શાળા કેમ્પસમાં આવતા તમામ કર્મચારીઓ/વાલીઓ/વિદ્યાર્થીઓ દરેક માટે થર્મલ સ્ક્રીનીંગ, માસ્ક તથા સામાજિક અંતરની જાળવણી ફરજીયાત કરવાની રહેશે.

18) જે શાળાઓ વાહન વ્યવહારની સગવડ વિદ્યાર્થીઓને શાળા તરફથી આપે છે તે તમામ વાહનો પણ સંપૂર્ણ સેનિટાઇઝ કરાવવાના રહશે તથા વિદ્યાર્થીઓને COVID-19 ની માર્ગદર્શિકા અન્વયે જરૂરી સામાજિક અંતર વાહનોમાં જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

19) વિદ્યાર્થીઓ પબ્લિક/ખાનગી વાહનોનો ઉપયોગ કરતા હોય તો તેઓને/ તેઓના વાલીઓને પણ આ સામાજિક અંતર બાબતે માર્ગદર્શિત કરવાના રહેશે.

20) શાળાના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે COVID-19 માર્ગદર્શિકાનું અમલીકરણ કરવા આરોગ્ય વિભાગ, પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા તેમજ પોલીસ અને વહીવટી તંત્ર સાથે સંકલન રાખવાનું રહેશે.

દરેક શાળાઓએ પોતાના SVS મુજબ દૈનિક અહેવાલ મોકલી આપવાનો રહેશે. જેની નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો-સુરત.

**નકલ રવાના જાણ તથા અમલાર્થે:**

- શિક્ષણ નિરીક્ષક તથા મદદનીશ શિક્ષણ નિરીક્ષક, તમામ, આ કચેરી

**નકલ રવાના સવિનય જાણ સારૂં:**

- માન.નિયામકશ્રી, કમિશ્નર શાળાઓની કચેરી, ગાંધીનગર
- માન. સચિવશ્રી, ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર